# Sona Indhoni Rupa Bedalu Re

સોના ઈંઢોણી રૂપા બેડલું રે
નાગર ઊભાં રો રંગ રસિયા
પાણીડાં ગઈતી તળાવ રે
નાગર ઊભાં રો રંગ રસિયા ॥

કાંઠે તે કાન ઘોડાં ખેલવે રે- નાગર ઊભાં …
કાન મુને ઘડુલો ચડાવ રે- નાગર ઊભાં …

તારો ઘડો તે ગોરી તો ચડે રે- નાગર ઊભાં …
તું જો મારા ઘરડાની નાર રે- નાગર ઊભાં …

ફટ રે ગોઝારા ફટ પાપિયા રે- નાગર ઊભાં …
તું છો મારો માડીજાયો વીર રે- નાગર ઊભાં .

અરડી મરડી ને ઘડો મેં ચડાવ્યો રે- નાગર ઊભાં …
તૂટી મારા કમખાની કસ રે- નાગર ઊભાં …

ભાઈ રે દરજીડા વીરા વિનવું રે- નાગર ઊભાં …
ટાંક્ય મારા કમખાની કસ રે- નાગર ઊભાં …

કસે તે ટાંક્ય ઘમ્મર ઘૂઘરી રે- નાગર ઊભાં …
હૈયે તે લખ્ય ઝીણા મોર રે- નાગર ઊભાં …

જાતાં વાગે તે ઘમ્મર ઘૂઘરી રે- નાગર ઊભાં …
વળતાં ઝીંગોરે નીલા મોર રે- નાગર ઊભાં …

સોના ઈંઢોણી રૂપા બેડલું રે
નાગર ઊભાં રો રંગ રસિયા
પાણીડાં ગઈતી તળાવ રે
નાગર ઊભાં રો રંગ ર